SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 13. ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

ડૉ.આનંદીબેન એમ. મકવાણા

## ➤ પ્રસ્તાવના :

વિશ્વ સમસ્તમાં આજે ભારતની લોકવિદ્યા તરફ સૌનુ ધ્યાન ગયું છે. આમ પણ લોકવિદ્યાએ એટલુ વિશાળ ફલક ધરાવે છે, કે તેની અનેક શાખાઓમાં આંતરવિદ્યાશાખાકીય અભ્યાસની અનેક શકયતાઓ રહેલી છે. જેમાં લોકગીત, લોકકથા, લોકસાહિત્ય, લોકનૃત્ય, લોકમાન્યતા, લોકભરતગુથણ, લોકકળાઓ વગેરે લોકવિદ્યાનું માધ્યમ રજુ થતો પ્રકાર એટલે તે લોકસાહિત્ય. તેવી જ રીતે પહેરવેશ ભાષા, રીતિરિવાજો, ભોજન, સમાજની માન્યતાઓને રજૂ કરતો પ્રકાર એટલે લોકસંસ્કૃતિ. એ બન્ને એક સિક્કાની બે બાજુઓ સમાન છે. જે અરસપરસ એકબીજા સાથે વણાયેલી છે. અને તેના ધ્વારા આપણું જીવન પરિપપૂર્ણ બને છે. આમ લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિએ પણ એક અભ્યાસની કડી અને ભાવિ શક્યતાઓની અસરને સ્વીકારે છે. ત્યારે મે મારા શોધપત્રના વિષય તરીકે 'ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ પર કામ કર્યું છે.

## ➤ ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય :

ભારતની પશ્ચિમ દિશાએ આવેલું ગુજરાત ઉત્તમ પ્રકારનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. જેના પાયામાં જ વિવિધતામાં એકતાના મૂળ જોવા મળે છે. જેમાં જુદાજુદા ધર્મો જાતિઓ, જ્ઞાતિઓ, તહેવારો, ઉત્સવો, નૃત્યો, સ્થાપત્યો, શિલ્પો વગેરેના મૂળ જોડાયેલા છે. ગુજરાતે તેનો સાંસ્કૃતિક વારસો, વિશાળ દરિયાકિનારો, સંસ્કૃતિના અજવાશયી તે સમસ્ત લોકના હદયમાં ધબકી રહયું છે. જેમાં ગુજરાત મુખ્ય ચાર પેટા વિભાગમાં વહેચાયેલું છે. જેમાં- ઉત્તર ગુજરાત, મધ્યગુજરાત, દક્ષિણગુજરાત, સૌરાષ્ટ કે કાઠિયાવાડ. આ અલગ અલગ વિસ્તાર પ્રમાણે તેનો ઐતિહાસિક, સાહિત્યક, ધાર્મિક અને સાંસ્કૃતિક વારસો પણ ભિન્ન ભિન્ન જોવા મળે છે. જેમાં મારે 'ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ' વિશે જયારે વાત કરવી છે. કોઈ પણ વિસ્તાર વિશે જયારે વાત કરવી હોય તો સૌથી પહેલા તેના ભૂગોળીય વિસ્તાર વિશે માહિતી જરૂરી હોય છે.

ઉત્તર ગુજરાત પૂર્વમાં સાબરકાંઠા તેની ઉત્તરે રાજસ્થાનનો મારવાડ દેશ, પશ્ચિમે પાકિસ્તાન અને દક્ષિણે અડાલજ અમદાવાનો સીમા વિસ્તાર ધરાવે છે. તો બીજી રીતે જોઈએ તો પૂર્વમાં સાબરકાંઠાના શામળાજી, ધનસુરા, મોડાસાથી લઇને પશ્ચિમે પાટણ જીલ્લાના સાંતલપુર અને ઉત્તરે રાજસ્થાનનો મારવાડ પ્રદેશને દક્ષિણે મહેસાણા જીલ્લાના બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર કે જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર, જેવા શહેરો આવેલા છે. એટલે કે એક તરફ રાજ્યની સીમા, એક તરફ દેશની સીમાને બીજી બાજુ ભારતીય પ્રાદેશિક વિસ્તારની સાથે તેના સાંસ્કૃતિક સંબંધ રહેલો છે. જેમાં અંબાજી અને બહુચરાજી જેવી શક્તિપીઠો આવેલી છે. તો મોઢેરાનું વિશ્વપ્રસિધ્ધ સુર્યમંદિર, વિશ્વ ઐતિહાસિક વારસાના સ્થાન પામેલી પાટણની રાણકીવાવ, સિધ્ધપુરનો રુદ્રમહાલય, વડનગરનું કીર્તિતોરણ કુંભારીયાના દેલવાડાના દેરા એમ અનેક લોકવિરાસતો વિવિધતામાં એકતા ધરાવનારો વિસ્તાર છે. તેના આ વિસ્તારમાં બોલીની પણ એટલી જ વિશિષ્ટતા રહેલી છે. ઉત્તર ગુજરાતમાં ચૌધરી, દેશી, મારવાડી, પાટણવાડિયા, રબારી, ડુંગરી ગરાસિયા, કડવા અને લેઉવા પાટીદારો, ક્ષત્રિયો એમ અનેક જ્ઞાતિગત વારસો પણ ધરાવે છે.

## ➤ લોકકથા :

દરેક પ્રદેશના લોકસાહિત્યમાં અન્ય પ્રકારની તુલનાએ સૌથી વધુ જો કોઈ પ્રકાર સંશોધન થયેલ હોય તો તે છે લોકકથા. લોકકથાઓ, વિશ્વસાહિત્યમાં પણ સ્થાન પામી છે. ગુજરાતમાં લોકકથાઓની વાત કરીએ તો સૌથી વધુ લોકકથાઓ સૌરાષ્ટ પંથકમાંથી મળી આવે છે. પરંતુ એનો મતલબ એવો નથી કે અન્ય પ્રદેશમાં નથી, ના એવું નથી એનું કારણ ત્યાગ, વીરતા, બલિદાન, સમર્પણ ન્યાય માટે થતા બહારવટિયા, સંત કે શૂરા, દાતા અને જતી-સતીની કથાઓને ઘટનાઓ બધાજ પ્રદેશમાં બને છે. પણ કાળના ચક્રમાં ક્યાંય સંતાયેલું છે. કે લોક્કંઠે ટક્યું છે. લોકકથાઓ ત્રણ સ્વરૂપે છે-દંતકથા ઇતિહાસકથા અને પુરાકલ્પનકથા. જેને મૂલ્ય અને નૈતિક્તાની સ્થાપનાનું કાર્ય કર્યું હોય તેવી કેટલીક લોકકથાઓ ઉત્તર ગુજરાત માંથી મળી આવે છે. જેમાં પારકી નાત અને એમાય પણ વેપારી એવા વાણીયાની સંઘની રક્ષા માટે

જીવનું બલિદાન આપી દે તેવા વીર અર્જુનસિંહની વીરતાની કથા, તો જેને પોતાને મારવા આવેલા એવા ઠાકોરમાંથી સાત માણસોના ધડ કાપીને અલગ કર્યા તેવા બાળચંદ્રની કથા, ઓગડનાથ જેમણે પોતાના સમગ્ર જીવનને લોકસેવામાં પસાર કરી પોતે રાજપાટનો ત્યાગ કરેલો. એવી વીરત્વની અને સમર્પણનો ભાવ દર્શાવતી અજાજીની ભાલડીકથા તો રાજવીર અને માનકેસરની જેમાં પુણ્યાત્માની જેમ આજીવન પોતાના પ્રદેશના કલ્યાણ માટે મુત્યુ પછી પણ જીવત બની રહે છે. તો તેવીજ બીજી કથાઓ છે, જેવી કે પવન પાવડી, ડંખીલો દાદો, વીર વસિયાદાદા, અમરસંગ, રોટલાનું પુન, પતિ કોણ ?, રાણો રાજપૂત, ગઢવીની શરત, દીપા ઝાપડીની વાત, નાગ અને વેઢ, તલ કાળા તલ ધોળા, મગળભાની મરદાનગી, ચાર ભાઈબધ, ભડવીર ભીમોજી, કોના નસીબનું ફળ, જેવી સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી વિસ્તારની કથાઓ છે.

## ➢ લોકગીતો :

લોક સાહિત્યમાં જેમ લોક કથાઓનો વ્યાપ વધુ છે. તેમજ પદ્યઢાળમાં મહત્વનો પ્રકાર તે લોકગીત છે. ગુજરાતમાં લોકગીતો ખુબજ ખેડાણ પામેલા છે. દરેક સમાજના લોકોની પોતાની લાગણીઓ, ભાવનાઓ અને વ્યથાઓ લોકગીત ધ્વારા અભિવ્યક્ત કરતા હોય છે. લોકગીતોમાં લગ્નગીતો, મરસિયા, રાસડા કે રાહડા, ઉત્સવગીતો ઋતુગીતો, દુહા વગેરે પ્રકારોનો સમાવેશ થાય છે. જેમાં

"જેસંગ બેઠો ભરી રે સભાય
જાયક આવ્યા રે જાયવા
"રામ પોઢ્યો મંદિર મેડિ મોઝાર"

જેમાં પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ ખોદવા માટે આવેલા ઓડ જાતિની સ્ત્રી જસમા ઓડણ અને પાટણના રાજવી સિધ્ધરાજ જયસિંહની કથા ગીત સ્વરૂપે છે.

"ચાંદામામા ચાંદામામા સાસરે ન જઈએ
સાસરે જઈએ તો મારી સાસુડી સંતાપે,
નખ જેટલી નણદલ મારે માથે છાણા થાપે
કોળવગરનો દિયર મને ટુંકારે બોલાવે"

મહેસાણા જીલ્લામાં ગવાતા આ ગીતમાં સ્ત્રીની વેદના રજુ થઈ છે. બાળલગ્નનો ભોગ બનેલી કન્યાને સાસરામાં શું વેઠવું પડે છે. તેની વેદના વ્યક્ત થઇ છે.

"લેબળો ઉગ્યો ચુંવાળમાં
લેબળી ઉગીરે લીલુડી રે રેતમાં"

ચુવાળ અને ડીસા આસપાસના પ્રદેશમાં વસવાટ કરતી માનવીય ખાસિયતો દર્શાવે છે. ચુવાળના પુરુષો લીમડા જેવા મજબુત અને ડીસા આસપાસ પ્રદેશમાં સ્ત્રીઓ લીમડી જેવી નાજુક હોય છે.

"છેલાજી રે......
મારે હાટુ પાટણથી પટોળા મોંઘા લાવજો
એમાં રૂડા રે મોરલિયા ચિતરાવજો....

ઉત્તર ગુજરાતની ભાતીગળ ઓળખને સમાવી બેઠેલા આ લોકગીતમાં પાટણ કેન્દ્રમાં છે. પાટણમાં પટોળા સાડી સાળવી જ્ઞાતિના લોકો બનાવે છે. આ ગીતમાં પ્રણયજીવન કે દામ્યત્ય જીવનનો મધુર ભાવ રહેલો છે.

"આઈ આઈ ઝાલાવાડી જૈન
પિયોર મારું મેવાસી"

આ ગીતમાં ઉત્તર ગુજરાતના ઘોઘાર કાકરેસી, દોતોર, સુંવાળ પંથકના ઉલ્લેખો છે.

આમ ઉતર ગુજરાતમાં સમાજજીવન સાથે સંકળાયેલા પરિવારના, જ્ઞાતિના દામ્પત્યજીવનના ઉલ્લેખવાળા લોકગીતો મળી આવે છે.

## ➢ ઉત્તર ગુજરાતના હડીલા અને લોકનૃત્ય :

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં હડીલા (હડીલા) સવિશેષ ધ્યાન ખેચે છે. જેમાં ખાસ કરીને બનાસકાંઠાના ઠાકોરમાં આ ગીતો દિવાળીના અને નવા વર્ષના તહેવાર ઉપર ગવાય છે. ઉત્તર ગુજરાતના લાઘારામનો રાસડો લોકનૃત્ય પણ ખુબ જાણીતું બન્યું છે.જે ત્યાંના પુરૂષો તેમનો પારિવારિક પોશાક પહેરીને રાસડો રમે છે. આ લોકનૃત્ય ત્યાંની પ્રાદેશિકતાને પ્રગટ કરે છે.

➢ **ભવાઈ કલા:**

લોકસાહિત્યમાં ભવાઈનું પણ આગવું સ્થાન રહેલું છે. આમ જોવા જઈએ તો ભવાઈનું પિયર ઉત્તર ગુજરાત ગણાય છે. ત્યારે ભવાઈનું નામ પડતા જ પ્રથમ નામ અસાઈત ઠાકરનું યાદ આવે છે. જેઓનું વતન પાટણનું સિધ્ધપુર હતું. ત્યારબાદ ભવાઈના વિકાસમાં મહત્વનું યોગદાન આપનાર ઉત્તર ગુજરાતના વતની અમૃત નાયક, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક વગેરે કલાકારો ભવાઈના વેશને ભજવવામાં પોતાના નામો સુવર્ણઅક્ષરે ટાંકી દીધા છે. ભવાઈ કળા જયારે લુપ્ત થવાની અણી પર હતી ત્યારે પ્રાંતિજના રતિલાલ નાયકે આ કળા ને જીવંત રાખવા પ્રયત્ન કરેલા. ત્યારથી સાબરકાંઠા જીલ્લામાં તેમની 'ભવાઈ લોક્નાટયરંગ મંડળી' કાર્યરત છે. ઈ.સ.૧૯૮૨ થી તેઓ 'નાયક રંગમંચ સંકુલ' નામની સરકાર માન્ય સંસ્થા પણ ચલાવે છે. જેમાં ભવાઈ ના વિકાસમાં અનેક પ્રવૃતિઓ આદરી છે. આમ ભવાઈના વિકાસમાં ઉત્તર ગુજરાતનું સવિશેષ યોગદાન રહેલું છે.

➢ **સાહિત્ય :**

સાહિત્યક્ષેત્રે પણ ઉત્તર ગુજરાતનો વિશેષ ફાળો રહેલો છે. જેમાં પાયાના લોકવિદ શાંતિલાલ આચાર્ય, કનુભાઈ જાની, મફત રણેલાકર, પ્રેમજીભાઈ પટેલ, ડૉ.ભગવાન દાસ પટેલ, ડૉ.અમૃત પટેલ વગેરે સાહિત્યકારોએ ખુબ નામના મેળવેલી છે.

આમ લોકસાહિત્યક્ષેત્રે ઉત્તર ગુજરાત સવિશેષ ફાળો આપ્યો છે. જેમાં દરેક ક્ષેત્રમાં એક આગવી પ્રતિષ્ઠા મેળવી છે.

## ➢ ઉત્તર ગુજરાતની સંસ્કૃતિ :

ગુજરાતી લોકોની જન્મભૂમી ગુજરાત છે. અહી અન્ય રાજ્યના લોકો પણ વસવાટ કરે છે. અહીની મુખ્ય વસ્તી હિંદુ ધર્મ પાળે છે. જેમાં ઇસ્લામ, જૈન, પારસી, ખ્રિસ્તી, જેવા અન્ય ધર્મના લોકો પણ વસે છે. તેથી જ અહી "વસુધૈવકુટુમ્બકમ" ની ભાવના દરેકમાં વસેલી છે. તેની સંસ્કૃતિ પણ એટલી જ વિશેષતા ધરાવનારી છે. ગુજરાતમાં મધ્યગુજરાત, ઉત્તરગુજરાત, દક્ષિણગુજરાત, સૌરાષ્ટ્ર એમ આ ચારેય પ્રદેશની નોખી નોખી સંસ્કૃતિ પોતાનું એક આગવું સ્થાન ધરાવે છે. જેમાં ઉત્તરગુજરાતની સંસ્કૃતિની એક આગવી ઓળખ છે.

ઉત્તરગુજરાતની સંસ્કૃતિમાં અનેક પ્રકારની વિશિષ્ટતાઓ રહેલી છે. જેમાં ઐતિહાસિક, સામાજિક, પ્રાદેશિક અને ધાર્મિક રીતે જોવા મળે છે. તેની સંસ્કૃતિમાં તેની ભાષા, પોશાક, ખોરાક, મેળા, કળા, સંગીત– નૃત્ય, સિનેમા વગેરેનો સમાવેશ થાય છે.

➢ **ભાષા અને પોશાક :**

ઉત્તરગુજરાતના લોકો મોટાભાગે સરખી ભાષા બોલે છે. તેમ દરેક જીલ્લાની બોલીમાં ફરક જણાઈ આવે છે. આ વિસ્તારમાં ગુજરાતીમાં "છે" ની જગ્યા એ "શે" અથવા "શ" નો ઉપયોગ જોવા મળે છે. મહેસાણા જીલ્લાની બોલીને મહેસાણી તો પાટણની બોલીને પટ્ટણી તરીકે ઓળખાય છે.

આ વિસ્તારના લોકોમાં આદિવાસી પ્રજા પણ વસે છે. ત્યાંના લોકોનો પોશાક ગુજરાત પારંપારિક પોશાક પહેરે છે. જેમાં પુરૂષો લેંઘો– ઝભ્ભો અને ધોતી પહેરે છે. તો સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબ્જો પહેરે છે.

➢ **મેળાઓ :**

ઉત્તર ગુજરાતમાં મેળાઓનો મેળાવડો છે. ત્યાં સિદ્ધપુરનો કાર્તિકી પુનમનો મેળો જે માતૃશ્રાધ્ધનો મહિમા ધરાવે છે. તો ફાગણવદ ચૌદસે સાબરકાંઠાની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા યુવાન-યુવતીઓ ભાતીગળ પહેરવેશ પહેરીને આવે છે. જેમાં પસંદગી પણ કરે તેથી તેને ચિત્ર-વિચિત્રનો મેળો કહેવાય છે. તો જેમાં શ્રદ્ધા, ભક્તિ અને શક્તિનો ત્રિવેણી સંગમ એટલે બહુચરાજીનો મેળો, ભાદરવી પૂર્ણિમાનો અંબાજીનો મેળો, તો ચોસઠ જોગણીનો પાલોદરનો મેળો જે ફાગણવદ દસમને અગિયારસે મહેસાણા જીલ્લાના પાલોદર ગામે ભરાય છે. આમ ઉત્તર ગુજરાતમાં એક આગવી ઝલક સાથે ત્યાંના લોકોને મનોરંજનની પણ પૂર્તતા કરે છે. અને ત્યાંની ભાતીગળ સંસ્કૃતિને પણ ઉજાગર કરે છે.

## ➢ ખોરાક :

ઉત્તર ગુજરાતના લોકો ભોજનમાં શુધ્ધ ઘી ની વાનગીઓ વધુ ખાય છે. જેમાં પાટણના દેવડા ખુબ પ્રખ્યાત થયા છે. ત્યાંના લોકોનો મુખ્ય ખોરાક દાળભાત, ખીચડી કઠી, રોટલી શાકનો સમાવેશ થાય છે.

## ➢ સિનેમા :

સિનેમાક્ષેત્રે પણ ઉત્તરગુજરાતનું ખુબજ યોગદાન રહેલુ છે .જેમાં ગુજરાતી ફિલ્મક્ષેત્રે તો નરેશ કનોડિયામહેશ કનોડિયા જેવા , .તો સિધ્ધપુરમાં દક્ષિણ ભારતની ફિલ્મનું શુટિંગ પણ કરવામાં આવેલું છે .દિગ્ગજ કલાકારો તેની જ દેન છે

## ➢ સંગીતઃ નૃત્ય-

ઉત્તર ગુજરાતમાં ઐતિહાસિક વારસો છે. તેમજ તેની સાથે સંગીત-નૃત્યની કળા પણ જોડાયેલી છે. જેમાં મોઢેરાનું નૃત્ય-મહોત્સવ ઉજવાય છે. તો મહેસાણા જીલ્લાના વડનગરમાં દરવર્ષે તાના-રીરી મહોત્સવ ઉજવાય છે.

## ➢ ઉપસંહાર :

ઉત્તર ગુજરાતએ લોકસાહિત્ય ક્ષેત્રે પોતાનું નામ કોતરી રાખ્યું છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો પણ વિશિષ્ટ રીતે અલગ તરી આવે છે. ત્યાંની ભાતીગળ, પ્રાદેશિક, સાંસ્કૃતિક ઢબને ઉજાગર કરીને તે સમગ્ર ભારતમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

## ➢ સંદર્ભસૂચી :


૧. ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

૨. ઉત્તર ગુજરાતની લોકકથા અને ભવાઈકથા - દિનકર ભોજક

૩. “ઉત્તર ગુજરાતની લોકકથાઓ”, સંપા, જાની બળવંત, પટેલ અમૃત અને રોડુડીયા અંબાદાન

૪. પાટણવાડાના લોકગીતો, સંપા, રાજન શકરાભાઈ પટ્ટણી

૫. “ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો” સંપા, હસુ યાજ્ઞિક

૬. “બનાસકાંઠાના લોકસંસ્કાર અને લોકવાણી” જયંતીલાલ સી. દવે

૭. “મહેસાણ જીલ્લાના રબારીના લોકગીતો” સંપા, ગોવિંદ રબારી